અપીલ અરજી નં.૧૯૧ તા.૩૧–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા
સામાવાળાઃ–(૧) ઈ.ચા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ)
(૨) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
(૩) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈએકટ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૩૧–૫–૧૦ ની અરજીથી (૧) સુરત શહેરમાં આવેલ દરેક ડીલરની તા.૧૫–૧–૦૯ થી તા.૨૫–૧–૦૯ સુધીમાં રજીસ્ટ્રેશન થયેલ ગાડીમાંથી દરેક ડીલર વાઈઝ ઈન્સ્યુરન્સ અને સેલ લેટરની ૧૦ સેટ આપવા વિનંતી. વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી અંગેની અરજી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૧/૨૦૧૦–૧૧

શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૩૧–૫–૧૦ ની અરજીથી (૧) સુરત શહેરમાં આવેલ દરેક ડીલરની તા.૧૫–૧–૦૯ થી તા.૨૫–૧–૦૯ સુધીમાં રજીસ્ટ્રેશન થયેલ ગાડીમાંથી દરેક ડીલર વાઈઝ ઈન્સ્યુરન્સ અને સેલ લેટરની ૧૦ સેટ આપવા વિનંતી. વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે અત્રેના સત્તા મંડળને સ્પર્શતા મુદ્દા નં.૮ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૩ તા.૧૮–૯–૧૦ થી ઈ.ચા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની આઈ ડી નં.૧૦૦ અઠવાઝોન તા.૩૧–૫–૧૦ થી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૨૦૮ તા.૩–૬–૧૦ થી (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી આરટીઓ, સુરત)ને સમય મર્યાદામાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી આરટીઓ, સુરત) તરફથી અરજદારને નં.શાસન/આરટીઆઈ/ માહિતી/સુરત/ઓન/૧૧૭૩૩ તા.૨૨–૭–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે મુદ્દા નં.૧ થી ૩ અને ૮ થી ૧૧ બાબતે અત્રેના સત્તા મંડળના અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકા સુરતને અપીલ કરવામાં આવેલ. જે અપીલ અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૯ તા.૪–૮–૧૦ થી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીને અપીલ તબદીલ કરવામાં આવેલ સાથે મુદ્દા નં.૮ અંગે જો તેઓની કક્ષાએથી મુળ અરજીની તબદીલી અત્રે થયેલ હોય તો મુળ અરજીની નકલ સહ વિગત જણાવવા પણ જણાવેલ જેથી ગુણદોષ ઉપર અપીલીય કાર્યવાહી હાથ ધરી શકાય. જે બાબતે(પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી આરટીઓ, સુરત)ના પત્ર ક્રમાંક નોન/આરટીઆઈ/સુરત/ઓન/૧૨૬૮૮ તા.૧૦–૮–૧૦ થી મુદ્દા નં.૮ અંગે અપીલીય કાર્યવાહી કરવા જણાવતો પત્ર અરજદારની મુળ અપીલની નકલ તથા (પ્રાદેશિક વાહન વ્યવહાર વિભાગ તરફથી પત્ર નં.૧૧૭૩૬ તા.૨૨–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મોકલવામા આવેલ તથા તેઓના પત્ર નં.નોન/ આરટીઆઈ/ સુરત/ઓન/ ૧૩૪૩૬ તા. ૨૫–૮–૧૦ થી મુદ્દા નં.૮ ની માહિતીની વિગત અત્રેના સત્તા મંડળને સ્પર્શતી હોય તેવું જણાવી પત્ર પાઠવેલ. જેના સંદર્ભે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૭ તા.૬–૯–૧૦ થી મુળ અરજીની નકલ પત્ર સાથે તબદીલ થયેલ ન હોય અત્રે મોકલી આપવા માટે પણ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી પત્ર ક્રમાંક નં.નોન/આરટીઆઈ/સુરત/ઓન/૧૪૦૫૩ તા. ૮–૯–૧૦ થી શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની અરજી બાબતે તા.૧ ૦–૮–૧૦ ના રોજ જાવક નં.૧૨૬૮૮ થી મુદ્દા નં.૮ બાબતે અરજદારની મુળ અરજીની આગળની કાર્યવાહી માટે મોકલી આપેલ છે ઉપરાંત તા.૨૫–૮–૧૦ ના સુધારા પત્ર ૧૩૪૩૬ રોજ પાઠવેલ પત્રમાં સુધારા પત્રમાં મુદ્દા નં.૮ તેમાં મુળ અરજી ભુલથી લખાયેલ છે તેવું જણાવી મુળ અરજી પત્ર સાથે અત્રે મોકલવામાં આવેલ. જે અત્રે તા.૧ ૫–૯–૧૦ થી આરટીઆઈ/આ.નં.૬૯૩ થી ઈ.ચા. કાર્યપાલક ઈજનેર ટ્રાફીક સેલ અને જાહેર માહિતી અધિકારી તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી. આમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અને જાહેર માહિતી અધિકારી અન્ય સત્તા મંડળ તરફથી અત્રેના સત્તા મંડળને મુળ અરજીના વિલંબથી પરત તબદીલ થયેલ હોય અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે. આમ મુળ અરજી તબદીલ કરવાના વિલંબના કારણે અપીલ અરજીની કાર્યવાહી વિલંબથી થયેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે મુળ અરજી અત્રેના અઠવાઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએ કરેલ અને તેમણે સદર અરજી તા.૩–૬–૧૦ ના રોજ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીને તબદીલ કરેલ. તે સમયે જ મુદ્દા નં.૮ જે અત્રેના સત્તા મંડળને સ્પર્શે છે તે અંગે લાગત કક્ષાએ તબદીલી થવી જોઈતી હતી જે થયેલ નથી. અરજદારે મુદ્દા નં.૮ થી માંગેલી વિગત આરટીઓ કંપાઉન્ડની આગળ કઈ કઈ વ્યકિત ધ્વારા પાર્કીગ કરી શકાય? આવનાર વ્યકિતએ પાર્કીગ કયાં કયાં કરવાનું રહેશે ની માહિતીની માંગણી કરેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૧૧ પૈકી મુદ્દા નં.૮ અંગેની માહિતી અત્રેના સત્તા મંડળને સ્પર્શતી હોય અને તે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે લાગત જાહેર માહિતી અધિકારીને વિલંબથી તબદીલ થયેલ હોય સદર અરજીથી અરજદારે માંગેલ મુદ્દા નં.૮ આરટીઓ કંપાઉન્ડ આગળ પાર્કીગ અંગેની માહિતી અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઈ.ચા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ) તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર (સ્પે.)
તારીખ : –૯–૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રીપીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા,